માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સંબોધન દ્વારા આ સન્માનનીય ગૃહને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીની સરકાર દ્વારા ગુજરાતના સર્વાંગી વિકાસ અને ગુજરાતની સાત કરોડની જનતાની સુખાકારી માટે કરાયેલ વિવિધ પ્રજાલક્ષી કામગીરીને બિરદાવી છે. જેના ઉપર માનનીય સભ્યશ્રી નરેશભાઈ પટેલ એ આભાર પ્રસ્તાવ રજુ કર્યો છે અને તેને માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણે ટેકો આપ્યો છે તેને હું મારુ સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

આપણે જાણીએ છીએ કે આઝાદીના દાયકાઓ સુધી, ઘણા ભારતીયો પાસે ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે મૂળભૂત સુવિધાઓનો અભાવ હતો. 2002માં માનનીય નરેન્દ્રભાઈ મોદીજી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે આપણે સૌ ગુજરાતીઓએ એવી સરકાર જોઈ અને અનુભવી જે સમાજના દરેક વર્ગના વિકાસ માટે પ્રતિબદ્ધ બની, ત્યારબાદ વર્ષ ૨૦૧૪માં માનનીય નરેન્દ્રભાઈ મોદીજી દેશના વડાપ્રધાન બન્યા અને કરોડો દેશવાસીઓને એવી સરકાર મળી જે **"સૌનો સાથ, સૌનો વિકાસ"** ના મંત્ર સાથે પાણી, વીજળી, આરોગ્ય, શૌચાલય, પાક્કા રસ્તા, પાક્કું મકાન, શિક્ષણ, પોષાણયુક્ત આહાર વગેરે જેવી વિકાસના પાયાની સુવિધાઓની ગેરંટી પુરી પાડે છે.

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી ની સરકાર દ્વારા **નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ** હેઠળ રાજ્યમાં ડિસેમ્બર - 2023 ની સ્થિતિએ કુલ 72 લાખથી વધુ કુટુંબોની 3.54 કરોડ જનસંખ્યાને આવરી લેવાયા છે જેઓને ભારત સરકારની **"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"** હેઠળ લાભો આપવામાં આવે છે. જેમાં અંત્યોદય કુટુંબોને કાર્ડદીઠ ૩૫ કિલોગ્રામ અને અગ્રતા ધરાવતા કુટુંબોને વ્યક્તિદીઠ ૫ કિલોગ્રામ અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે. તે ઉપરાંત દર મહિને પ્રતિ કાર્ડ 1 કિલોગ્રામ તુવેરદાર, 1 કિલોગ્રામ ચણા અને 1 કિલોગ્રામ ડબલ-ફોર્ટિફાઇડ મીઠાનું રાહત દરે વિતરણ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી,

સરકાર દ્વારા નવેમ્બર ૨૦૨૩ સુધીમાં ૨૨,૯૮૮ મેટ્રિક ટન તુવેરદાળ, ૫૪,૬૫૨ મેટ્રિક ટન ચણા અને ૪૬,૯૩૩ મેટ્રિક ટન ડબલ-ફોર્ટિફાઇડ મીઠાનું વિતરણ જરૂરિયાતમંદોને કરવામાં આવેલ છે. આ ઉપરાંત, આપણા સાંસ્કૃતિક ઉત્સવોની સારા સ્વાસ્થ્યના આનંદ સાથે ઉજવણી કરવા, વર્ષમાં આવતા બે પ્રમુખ તહેવારો, જન્માષ્ટમી અને દિવાળી દરમ્યાન લાભાર્થી કુટુંબોને કાર્ડ દીઠ ૧ લીટર ડબલ ફિલ્ટર્ડ સીંગતેલનું રાજ્ય સરકાર દ્વારા રાહત દરે વિતરણ તેમજ ચાલુ વર્ષે નવેમ્બર-૨૦૨૩ સુધીમાં ૧૩૮ લાખ પાઉચનું વિતરણ કરવામાં આવેલ છે. જે ખુબ જ સરાહનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી,

એક સમય હતો કે રાશન કાર્ડ ધારકને ચોક્કસ દુકાને થીજ રાશન લેવા જવું પડતું અને રાશનકાર્ડ ધારક જો કામ મેળવવા પોતાના વતનથી દૂર બીજા વિસ્તારોમાં જાય તો એને સરકાર તરફથી આપવામાં આવતું રાશન લેવા વતન જવું પડતું અને જો કોઈ વ્યક્તિ રાશન લેવા ન આવે તો એના ભાગનું રાશન સગેવગે થઇ જતું. દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ આ વિષય પર વિશેષ ધ્યાન આપ્યું અને **'વન નેશન, વન રાશન કાર્ડ'** ની યોજના લઇ આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી,

'વન નેશન, વન રાશન કાર્ડ' ની યોજના હેઠળ રાશન કાર્ડને આધાર કાર્ડ સાથે જોડી, સમગ્ર સિસ્ટમને ડિજિટલ બનાવી દીધી છે. જેથી આજે, સસ્તા અનાજની દુકાને કોઈ વ્યક્તિ રાશન લેવા જાય અને તેનો અંગુઠો મૂકે તો જ રાશન મળી શકે એવી વ્યવસ્થા ગોઠવાઈ છે. આ યોજના હેઠળ દેશનો કોઈપણ રાશન કાર્ડ ધારક પોતાના હિસ્સાનું રાશન દેશની કોઈ પણ સસ્તા અનાજ ની દુકાન પરથી મેળવી શકે એવી વ્યવસ્થા મોદી સાહેબ દ્વારા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

જાન્યુઆરી 2023 થી નવેમ્બર 2023 સુધીમાં, 'વન નેશન, વન રાશન કાર્ડ' યોજના હેઠળ, રાજ્યના કુલ 22 લાખથી વધુ રેશનકાર્ડ ધારકોએ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં લાભ લીધો છે અને બીજા રાજ્યના કુલ 1 લાખથી વધુ રેશનકાર્ડ ધારકોએ ગુજરાતમાં લાભ લીધેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આજે 'વન નેશન, વન રાશન કાર્ડ' એ પ્રવાસી કામદારો માટે માત્ર એક રાશનકાર્ડ નથી પરંતુ **"મોદીનું ગેરંટીકાર્ડ"** બની ચૂક્યું છે. આજે એમને ભરોસો છે કે તેઓ દેશના કોઈ પણ ખૂણે જશે, તો પણ તેમના ભરણપોષણના હિસ્સાથી તેઓ ક્યારેય વંચિત રહેશે નહિ.

માનનીય અધ્યક્ષશ્રી,

અન્ન અને નાગરિક પુરવઠાની જાહેર વ્યવસ્થાને વધુ પારદર્શક અને અસરકારક બનાવવા તેમજ દરેક રેશનકાર્ડ ધારકને સશક્ત બનાવવા માટે **"માય રેશન" મોબાઈલ એપ** તૈયાર કરવામાં આવી છે. જે વિગતવાર માહિતી તેમની આંગળીના ટેરવે પુરી પાડે છે. આ એપ દ્વારા દરેક રેશનકાર્ડ ધારક તેના રેશનકાર્ડની વિગતવાર માહિતી, પરિવારના સભ્યોની વિગતો, પોતાને મળવાપાત્ર જથ્થો, જથ્થાની કિંમત, છેલ્લા ૬ માસના વિતરણની વિગત, બિલની રસીદ, નજીકની વાજબી ભાવની દુકાનોના સ્થળ વગેરે પ્રકારની પ્રાથમિક માહિતી મેળવી શકે છે તેમજ પુરવઠાને લગતી ફરિયાદ પણ કરી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્ય સરકાર દ્વારા અનાજના સંગ્રહ અને વિતરણને લગતી રોજબરોજની પ્રવૃત્તિઓનું સતત દેખરેખ રાખવા માટે રાજ્યના 317 ગોડાઉન ખાતે CCTV કેમેરાનું ઈન્સ્ટોલેશન કરવામાં આવેલ છે. જેના મોનીટરીંગની સુવિધા માટે, પુરવઠા નિગમની મુખ્ય કચેરી ખાતે અત્યાધુનિક કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. વધુમાં, વિડિયો વોલ સુવિધાઓ વ્યૂહાત્મક રીતે જિલ્લા કચેરીઓમાં પણ મૂકવામાં આવી છે, જે સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા સ્થાપિત કરવામાં સફળ થઇ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

**આપણા દેશના ગામડાઓમાં રસોઈ બનાવવા મોટા ભાગે લાકડાં, કોલસો કે છાણાંનો ઉપયોગ થતો હતો. આપણી માતાઓ-બહેનો ચૂલાથી રસોઈ બનાવતી વખતે ખુબ જ મુશ્કેલીઓ વેઠતી. સામાન્ય માણસની દરેક મુશ્કેલીઓ ખુબ જ નજીકથી અનુભવનાર દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા "પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના" લાવવામાં આવી. આ યોજના હેઠળ દેશના ૧૦ કરોડથી વધુ અને ગુજરાતના ૩૮ લાખ લાભાર્થી પરિવારોની મહિલાઓને એલપીજી કનેક્શનનું વિતરણ કરી તેમના જીવનને ધુમાડામુક્ત કર્યું છે.**

**આમ, ગૃહના સન્માનનીય સભ્યશ્રી નરેશભાઈ પટેલ એ આભાર પ્રસ્તાવ રજુ કર્યો છે તેને મારુ સમર્થન છે.**

જય જય ગરવી ગુજરાત.

ભારત માતા કી જય.